BAOU Education for All

Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

BAOU CATEGORY UNIVERSITY 1 GRADED AUTONOMY UGC

માય ભારત ફ્યુચર યૂથ લીડર્સ બૂટકેમ્પનો BAOU અમદાવાદ ખાતે ભવ્ય શુભારંભ





સવેરા ગુજરાત,અમદાવાદ, માય ભારત ફ્યુચર યૂથ લીડર્સ બૂટકેમ્પનું આયોજન અમદાવાદ સ્થિત ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ખાતે જિલ્લા યુવા અધિકારી, માય ભારત - અમદાવાદ શ્રી જિતેશ કુમાર ઝવેરી ના નેતૃત્વ માં કરવામાં આવી રહ્યું છે. આજરોજ યુનિવર્સિટી ના ગૌતમ હૉલ ખાતે આ ત્રણ દિવસીય રેસિડેન્શિયલ બૂટકેમ્પનો ભવ્ય શુભારંભ મ્હેંના કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યો તથા યુનિવર્સિટી ના વિદ્યાર્થી શાખાના નિર્દેશક ડૉ નિશા જોશી તથા કુલસચિવશ્રી વી. ત્રિવેદી ની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી.આ ત્રણ દિવસીય આવાસીય તાલીમ શિબિરમાં ૩૫ મી Bha@a Future Youth Leaders/ Volunteers ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. બૂટકેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા, વ્યક્તિત્વ વિકાસ, ટીમવર્ક, સામાજિક જવાબદારી તેમજ રાષ્ટ્ર નિર્માણની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો છે.બૂટકેમ્પ દરમિયાન ભારત સરકાર દ્વારા પસંદ કરાયેલ પ્રશિક્ષકો દ્વારા યુવાનો ને પ્રશિક્ષણઅપાશે. વિવિધ તાલીમ સત્રો, પ્રવૃત્તિઓ અને ટીમ આધારિત કાર્યક્રમો દ્વારા ભાગ લેનાર યુવાનોમાં નેતૃત્વ કૌશલ્ય વિકસાવવામાં આવશે. તેમજ તેમને સમાજ અને રાષ્ટ્ર ના વિકાસમાં સક્રિય અને જવાબદાર ભૂમિકા ભજવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.આ રેસિડેન્શિયલ બૂટકેમ્પ ૧ સપ્ટેમ્બર૨થી ૩ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ચાલશે, જેમાં તમામ ભાગ લેનાર યુવાનો ત્રણ દિવસ સુધી તાલીમ અને વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેશે. આજે સૌ પ્રતિભાગી યુવાનો ને આયોજકો દ્વારા નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત ના શપથ પણ લેવડાવ્યા અને ૧૦૦ સપ્તાહ સુધી ચાલનારા નશા મુક્ત ભારત અભિયાન માં યોગદાન આપવા માટે પ્રેરિત કર્યા.



સવેરા ગુજરાત,અમદાવાદ, રાહુલ ગાંધી વિરુદ્ધ FIRના વિરોધમાં કોંગ્રેસનું શક્તિપ્રદર્શન. બાપુનગર ચાર રસ્તા ખાતે કોંગ્રેસનો વિરોધ માર્ચ, ઉત્તરાખંડ હિંસા મામલે જવાબદારો સામે FIRની માંગ

બાપુનગર ચાર રસ્તા ખાતે કોંગ્રેસ દ્વારા રાહુલ ગાંધીજી વિરુદ્ધ નોંધાયેલી FIRના વિરોધમાં વિરોધ માર્ચ યોજાયો હતો. કોંગ્રેસ કાર્યકરોએ ઉત્તરાખંડમાં હિંસા ભડકાવવાના આરોપો માટે જવાબદાર લોકો સામે પણ FIR નોંધી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે વિરોધ નોંધાવ્યો હતો.

Savera Gujarat પેજ:04 તારીખ:02/09/2026